

# આવાઝ પ્રોજેક્ટ

## રિપોર્ટનો સારાંશ: બાળકો અને માતા-પિતા માટે

**દક્ષિણ એશિયાઇ સમુદાયોમાંથી આવતા, શિક્ષણ સંબંધી અક્ષમતા ધરાવતા બાળકોની ફુરસદના સમયની જરૂરિયાતો પૂરી કરવી**


**રઘુ રાઘવન**
સ્કૂલ ઑફ હેલ્થ, કમ્યુનિટિ એન્ડ એજ્યુકેશન સ્ટડીઝ
નોર્થમ્બ્રિયા યૂનિવર્સિટિ
ન્યુકાસલ અપોન ટાઇન

**નિકોલ પૉસન**
સ્કૂલ ઑફ હેલ્થ સ્ટડીઝ
યૂનિવર્સિટિ ઑફ બ્રેડફૉર્ડ
બ્રેડફૉર્ડ


mencap
The voice of learning disability

BIG LOTTERY FUND
LOTTERY FUNDED

# ઋણસ્વીકાર

આ રિપોર્ટ આ સંશોધનમાં ભાગ લેનાર બધાં જ બાળકો અને માતા-પિતાને સમર્પિત છે. અમે કૃતજ્ઞ છીએ અને આશા રાખીએ છીએ કે પૂરી પાડવામાં આવેલ માહિતી તેમના માટે ઉપયોગી નિવડશે.

# અનુક્રમણિકા


પરિચય 5

સંશોધનમાંથી જાણવા મળેલા મુખ્ય બાબતો 6

ફુરસદના સમયે કરવાની પ્રવૃત્તિઓને પહોંચ સુધારવા માટેના મુખ્ય ક્ષેત્રો 7

બાળકોના અભિપ્રાયો 9

માતા-પિતાના અભિપ્રાયો 11

ભલામણો 13

બ્રેડફર્ડમાં ફુરસદના સમયની પ્રવૃત્તિઓ પૂરી પાડનારાઓ અને અન્ય
અક્ષમતા સેવાઓ અને સંસ્થાઓ 17



# પરિચય

અશ્વેત અને લઘુમતિ જાતિમૂળવંશીય સમુદાયોમાંથી આવતા શીખવામાં અક્ષમતા ધરાવતા બાળકોને ફુરસદના સમયની સેવાઓનો ઉપયોગ કરવામાં અવરોધો નડે છે. આવાઝ પ્રોજેક્ટે બ્રેડફૉર્ડના દક્ષિણ એશિયાઇ સમુદાયોમાંથી આવતા શીખવામાં અક્ષમતા ધરાવતા બાળકોને તેમના સમકક્ષો, માતા-પિતા અને સેવા પૂરી પાડનારાઓ સાથે તેઓને જેવી જોઇએ છે અને તેમને જેની જરૂર છે એવી ફુરસદના સમયની સેવાઓને આકાર આપવા વિશે ચર્ચા કરવાની તક આપી.

આ પ્રોજેક્ટમાં દક્ષિણ એશિયાઇ પૃષ્ઠભૂમિમાંથી આવતા કુલ 2 બાળકો અને 17 માતા-પિતા સામેલ હતા. તેઓ ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાયોની ચર્ચા કરવા માટે સમૂહોમાં ભેગા થયા.
સંશોધનકારની મદદથી સાત બાળકોને બીજા બાળકોના જૂથનું નેતૃત્વ કરવા માટે સહસંશોધકો તરીકે તાલીમ પણ આપવામાં આવી. અમને તેમને જેમાં આનંદ આવે છે તેવી ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વિશે, ફુરસદના સમયની પ્રવૃત્તિઓને પહોંચવામાં તેમને પડતી મુશ્કેલીઓ વિશે અને તેમની દૃષ્ટીએ આ સેવાઓને પહોંચ કેવી રીતે સુધારી શકાય
તે જાણ્યું. બાળકોને ફેસિલિટેટરો (અનુકૂળતા કરી આપનારાઓ) તરીકે પણ તાલીમ આપવામાં આવી હતી અને માતા-પિતાએ સેવા પૂરી પાડનારાઓ સાથે તેમની જરુરિયાતો વિશે વાત કરી.

અમે આશા રાખીએ છીએ કે આ સંશોધનના પરિણામસ્વરુપે સેવા પૂરી પાડનારાઓ શીખવામાં અક્ષમતા ધરાવતા લોકો માટે ફુરસદના સમયની સેવાઓને સુધારશે. સેવા પૂરી પાડનારાઓ એક કાર્યયોજનામાં ખાસ લક્ષ્યો પૂરા કરવા માટે કામ કરવા સંમત થયા - આ યોજના મુખ્ય રિપોર્ટ માં સામેલ છે.

આ રિપોર્ટ તૈયાર કરવાની કામગિરી મેનકેપ દ્વારા સોંપવામાં આવી હતી અને તેના માટેનાં નાંણા નેશનલ લોટરી દ્વારા પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

# સંશોધનમાંથી જાણવા મળેલ મુખ્ય બાબતો

આવાઝ પ્રોજેક્ટમાં સામેલ બાળકો અને માતા-પિતાએ ફુરસદના સમયની પ્રવૃત્તિને પહોંચવાથી રોકતા અથવા ફુરસદના સમયની સગવડોનો ઉપયોગ કરવામાં ચિંતા ઊભી કરતા અનેક અવરોધોને પ્રકાશમાં આણ્યા. તેમણે એવા મુખ્ય ક્ષેત્રો પણ ઓળખી કાઢ્યા કે જે ફુરસદના સમયની સેવાઓને પહોંચ વધારવામાં મદદ કરી શકે અને તેમની સંખ્યા પણ વધારી શકે. તેમનો ટૂંક સાર નીચે આપવામાં આવેલ છે:

## અવરોધો

- બાળકોએ એવો અભિપ્રાય વ્યકત કર્યો કે શારીરિક અક્ષમતા અને દવાઓ લેવાથી કેટલાંક બાળકો માટે ફુરસદના સમયની પ્રવૃત્તિમાં ભાગ લેવાનું મુશ્કેલ હતું.
- બાળકો તેમના કુટુંબની તેમની સુરક્ષા, પરિવહનની કમી, અને બસ સ્ટોપથી અંતર, જે તેમને સ્વતંત્રપણે ફુરસદના સમયની તકો મેળવવામાંથી રોકે છે તેમનાથી અવગત હતા.
- બાળકોએ વ્યક્તિગત મદદનો અભાવ, માહિતીનો અભાવ, અને મિત્રોની સીમિત સંખ્યાને ફુરસદના સમયની સેવાઓ સુધી પહોંચવામાં અને તેમનો ઉપયોગ કરવામાં મુખ્ય અવરોધો તરીકે ઓળખી કાઢ્યા.
- માતા-પિતાએ જણાવ્યું કે ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વિશે માહિતીનો સામાન્યપણે અભાવ હતો અને તેઓ હંમેશા જુદી-જુદી સેવાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી  ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વિશે જાણતા પણ ન હતા. માતા-પિતાએ એ પણ જણાવ્યું કે 16 વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે ફુરસદના સમયની પ્રવૃત્તિઓનો અભાવ હતો.
- માતા-પિતા સ્ટાફની બાળકો સાથે સામેલગિરિની કમી વિશે તેમ જ તેમના માટે ઉત્તેજક પ્રવૃત્તિઓના અભાવથી ચિંતિત હતા.
- માતા-પિતાએ સામુદાયિક ફુરસદના સમયની પ્રવૃત્તિના અભાવની જાણ કરી અને બાળકો માટે ફુરસદના સમયની પ્રવૃત્તિઓ પૂરી પાડતી સેવાઓ માટે નાણાભંડોળની કમી વિશે ચિંતા વ્યક્ત કરી.
- માતા-પિતાએ જણાવ્યું કે તેઓ બાળકોની જોખમમાં મુકાઇ શકે તેવી સ્થિતિ વિશે અને તેઓ યાત્રા કરતા હોય અથવા બીજાઓ સાથે હળતા-ભળતા હોય ત્યારે તેમની સુરક્ષા વિશે ચિંતિત
- માતા-પિતાએ કહ્યું કે ફુરસદના સમયની પ્રવૃત્તિઓ ‘હંમેશા’ દક્ષિણ એશિયાઇ સમુદાયની વ્યક્તિઓને માટે વધુ અનુકૂળ ફેરફારો નથી કરતી.

# ફુરસદના સમયે કરવાની પ્રવૃત્તિઓને પહોંચ સુધારવા માટેના મુખ્ય ક્ષેત્રો

- બાળકોએ ખાસ કરીને પરિવહન માટે વધુ મદદની જરુરિયાત દર્શાવી. તેમણે દવા લેવામાં, લખવામાં, પૈસા વાપરવામાં, યોગ્ય સમયે જે તે કામ કરવામાં અને ક્યારે અને કયાં જવું તે જાણવામાં મદદની જરુર જણાવી.

- કેટલાંક બાળકોએ ફુરસદના સમયની અમુક પ્રવૃત્તિઓ, જેમ કે તરવામાં માત્ર છોકરીઓના બનેલા જૂથોની જરુરિયાત દર્શાવી.

- કેટલાંક બાળકોએ કોઇ તેમના પર દાદાગિરી કરતું હોય ત્યારે મદદની જરુર દર્શાવી.

- માતા-પિતાએ ફુરસદના સમયની પ્રવૃત્તિઓ પૂરી પાડતા કર્મચારીઓમાં અક્ષમતા સંબંધી મુદ્દાઓ વિશે વધુ જાગૃતિની તરફેણ કરી, અને એ બાબત પર ભાર મૂકયો કે બાળકોની વ્યક્તિગત જરુરિયાતોને વધુ સારી રીતે જાણવાની આવશ્યકતા છે.

- માતા-પિતાએ બાળકોને ફુરસદના સમયની સેવાઓનો ઉપયોગ કરવા માટે વ્યક્તિગત મદદની જરુરિયાત વિશે જાણ કરી.

- માતા-પિતા તરવા અને ફૂટબોલ રમવા જેવી વિજાતીય વ્યક્તિ સાથે કરાતી ફુરસદના સમયની પ્રવૃત્તિઓ વિશે ચિંતિત હતા અને તેમણે એજ જાતિની વ્યક્તિઓ સાથે કરાતી પ્રવૃત્તિઓ માટે વધુ વ્યવસ્થા કરવામાં આવે એવી ઇચ્છા વ્યક્ત કરી.



## સામેલગિરી અને સહભાગિતા

- બીજાં બાળકોની જેમ દક્ષિણ એશિયાઇ સમુદાયોના બાળકો ફુરસદના સમયની અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા. આમાં તરવું, ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ, સ્નૂકર, બૉલિંગ, બોકિસંગ, ફિલ્મ જોવા જવું, એશિયાઇ સંગીત સાંભળવુ, નૃત્ય કરવું, મિત્રો સાથે સમય ગાળવો, ફિલ્મ જોવી, સેઇલિંગ, બહાર જમવા જવું, આઇસ-સ્કેટિંગ, મ્હેંદી મૂકવી, સૌંદર્યની કાળજી લેવી, કલા અને ઉદ્યોગનો સમાવેશ થાય છે.

## ચર્ચા

- બાળકોએ સહ-સંશોધકો તરીકેની તેમની ભૂમિકાને માણી અને આ પ્રોજેક્ટના વિવિધ તબક્કાઓમાં તેમની સહભાગિતાએ તેમને તેમના સમકક્ષો, માતા-પિતા અને સેવા પૂરી પાડનારાઓના અભિપ્રાયો સાંભળવાની તક આપી.

- દક્ષિણ એશિયાઇ સમુદાયોના બાળકોને લાગ્યું કે ફુરસદના સમયની પ્રવૃત્તિઓના આયોજનમાં તે પૂરી પાડનારાઓએ તેમની સલાહ લેવી જોઇએ..

- બાળકોએ એક સામાજિક સહાય જૂથની જરૂરિયાત વ્યક્ત કરી.

- માતા-પિતાએ અન્ય માતા-પિતાને મળવાથી થયેલા ફાયદા વિશે જણાવ્યુ અને દક્ષિણ એશિયાઇ પરિવારો માટે માતા-પિતા માટે સહાય જૂથની રચના કરવાનું સૂચન કર્યું.

- સેવા પૂરી પાડનારાઓએ યુવાનો, માતા-પિતા અને સંભાળ રાખનારાઓ સાથે હળવા-ભળવાની તકનું સ્વાગત કર્યું.

- બાળકો, માતા-પિતા અને સંભાળ રાખનારાઓને મળવાના પરિણામ સ્વરુપે એક કાર્યયોજના તૈયાર કરવામાં આવી. (આ કાર્યયોજના મુખ્ય રિપોર્ટમાં ઉપલબ્ધ છે)

# બાળકોના અભિપ્રાયો

"પરિવાર તેમને જવા નથી દેતો કારણ કે તેઓ તેમને કંઇ થઇ તો નહીં જાયને એ બાબતે ચિંતિત હોય છે."

"મારા માતા-પિતા મને એકલા દુકાન સુધી જવા દેતા નથી કારણ કે તેમાં ખૂબ જોખમ છે."

દક્ષિણ એશિયાઇ સમુદાયોના બાળકોએ ફુરસદના સમયની પ્રવૃત્તિ સેવા સુધી પહોંચવામાં અનેક અવરોધો વિશે જાણ કરી. આમાં શારીરિક અક્ષમતા હોવી, દવા લેવી, પરિવારની સુરક્ષા વિશેની ચિંતા, પરિવહનનો અભાવ, બસ સ્ટોપથી અંતર, સહાયનો અભાવ, માહિતીનો અભાવ અને સીમિત મૈત્રીઓનો સમાવેશ થતો હતો.

"પ્રવૃત્તિઓમાં વધુ લોકોને સામેલ કરો."

"બીજાઓને પૂછો કે તેમને રમવું છે કે કેમ."

"ટીમ તરીકે કામ કરવું."

તેઓ ફુરસદના સમયની પ્રવૃત્તિઓ સુધી પહોંચવાનું સરળ બનાવનારા (ફેસિલિટેટર્સ )ને ઓળખી શક્યા હતા. આમાં દવા લેવામાં મદદ, દાદાગિરિ વિરુદ્ધ મદદ, લખવામાં મદદ, ક્યાં જવું અને ક્યારે, તેઓ ખોવાઇ જાય તો કામમાં આવે તે માટે મોબાઇલ, પત્રિકાઓ, ત્યાં પહોંચવામાં મદદ અને માત્ર છોકરીઓ હોય એવું જૂથનો સમાવેશ થતો હતો. બાળકો સામેલગિરિ વધારવા બાબતે અને પોતાના જેવા અન્ય બાળકોને સામેલગિરિ વધારવામાં મદદ કરવા બાબતે ખૂબ ઉત્સાહિત હતા.





# માતા-પિતાના અભિપ્રાયો

માતા-પિતાએ પોતાની અનેક ચિંતાઓ વ્યક્ત કરી અને બાળકો માટેની ફુરસદના સમયની પ્રવૃત્તિની તકો સુધી પહોંચવામાં તેમને જે તકલીફો પડી હતી તે જણાવી. કેટલાંક માતા-પિતાએ કહ્યું કે ફુરસદના સમયની પ્રવૃત્તિઓ સંભાળતા કર્મચારીઓને અક્ષમતા સંબંધી સમસ્યાઓ વિશેની માહિતી ન હતી. તેમણે એમ પણ કહ્યું કે કર્મચારીઓ માટે અક્ષમતા તાલીમ પણ જરૂરી છે કારણ કે તેઓ આ તકલીફો વિશે લગભગ કંઇ જ જાણતા નથી, ખાસ કરી ઑટિઝ્મ વિશે, માતા-પિતાએ એવો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો કે કોઇ પણ પ્રકારની અક્ષમતા ધરાવતા બાળકને આદર મળવો જોઇએ.

“હું યૂથ સેન્ટરોનો પણ વાંક ન કાઢી શકું કારણ કે તેઓને ખાસ જરૂરિયાતો ધરાવતા ઑટિસ્ટિક બાળકો સાથે કામ પાડવા માટેની તાલીમ આપવામાં આવી નથી. મને લાગે છે કે આ અવરોધોમાથી એક છે.”
એક માતા

માતા-પિતા માટે એ પણ ખૂબ મહત્વનું હતું કે સેવાઓ સાંસ્કૃતિક અને ધાર્મિક જરૂરિયાતોનું માન જાળવે અને યોગ્ય પ્રવૃત્તિઓ પૂરી પાડે. દાખલા તરીકે એવી પરિસ્થિતિ, જેમાં પૂર્વનિર્ધારિત બહાર જવાના કાર્યક્રમમાં દારૂ પીરસવામાં આવ્યો તેને અયોગ્ય ગણવામાં આવી. સ્ત્રીઓ માટે અલગ તરવાના વર્ગો પણ મહત્વના હતાં. જો સાંસ્કૃતિક અને ધાર્મિક જરૂરિયાતો પરત્વે સંવેદનશીલતાને ધ્યાનમાં રાખવામાં આવે તો કર્મચારીઓએ દક્ષિણ એશિયાઇ સમુદાયોમાંથી હોવું જરૂરી ન હતું.

“મારે હંમેશથી જ એને તરવા લઇ જવો છે, પણ અમારી એશિયાઇ સંસ્કૃતિના કારણે હું મારા દીકરા સાથે પૂલમાં ન જઇ શકું. તેને જવા દેવામાં આવતો ન હતો કારણ કે તે તેની ઉંમરના પ્રમાણમાં ઊંચો હતો. અમે **** પુલમાં જવાનો પ્રયત્ન કર્યો પણ હું ત્યાં ન જઇ શકું કારણકે ત્યાં પૂલમાં બાળકો સાથે તેમના પિતા હોય છે.” એક માતા

માતા-પિતાને જાહેર પરિવહનમાં દાદાગિરીની પણ ચિંતા હતી, બાળકની જોખમભરી સ્થિતિ, અને બાળકનું બીજાઓ પરત્વેનું વર્તન ચિંતાના વિષયો હતા. ખર્ચ પણ એક સમસ્યા હતો, કારણ કે કેટલી ઉનાળાની યોજનાઓ પરિવહનનો ખર્ચ લે છે. માતા-પિતાની બીજી જવાબદારીઓ, સુરક્ષાને લગતા મુદ્દાઓ અને બાળકમાં સ્વતંત્રપણે આવ-જા કરવાના આત્મવિશ્વાસના અભાવની પણ ચર્ચા કરવામાં આવી હતી.

“જો બાળક જોખમને જાણતું ન હોય, અથવા ક્યાં જવું તે ન જાણતું હોય, તો કોઇએ બાળક સાથે રહીને તેની પર નજર રાખવી પડે.” એક માતા

મોટાભાગના માતા-પિતાએ વ્યક્તિગત મદદની જરૂરિયાત વ્યક્ત કરી. બાળકમાં આત્મવિશ્વાસનો અભાવ, અને પૈસા અને છુટ્ટા વિશે સમજવામાં મદદની જરૂર પણ વ્યક્ત કરવામાં આવી.

માતા-પિતાએ ફરિયાદ કરી કે 16 વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે સગવડોનો અભાવ હતો.
તેમણે એમ પણ જણાવ્યું કે કેટલીક પ્રવૃત્તિઓમાં સ્ટાફ બાળકો સાથે હળતો-ભળતો ન હતો અને તેમાં કોઇ ઉત્સાહજનક પ્રવૃત્તિઓ ન હતી. એકંદરે એવું કહેવામાં આવ્યું હતું કે શીખવામાં અક્ષમતા ધરાવતા બાળકો માટે સીમિત સંખ્યામાં ક્લબો છે.

"16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વિવિધ સેવાઓ મેળવવાની તક મળે છે, પણ 16 થી વધુ ઉંમરનાઓ માટે કંઇ જ નથી. જ્યારે તેઓ પુખ્ત બને છે ત્યારે તેમને વધુ જરૂર હોય છે. 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને વિવિધ સેવાઓ સુધી પહોંચ મળે છે, પણ 16 થી ઉપર જતા તે ઘટવા માંડે છે."
એક પિતા

"સામાન્ય જીવન જીવતા બાળકો માટે વધુ ક્લબો છે, પણ ખાસ જરૂરિયાતવાળાઓ માટે નહીં. " એક પિતા

માતા-પિતાએ ફુરસદના સમયની પ્રવૃત્તિઓ પૂરી પડાવા વિશે માહિતીનો અભાવ હોવાનું પણ જણાવ્યુ અને તેઓ પૂરી પડાતી પ્રવૃત્તિઓ વિશે જાણતા ન હતા.

"હું ઉપલબ્ધ સેવાઓ વિશે જાણતી નથી. મારે વધુ માહિતી અને વિવિધ પ્રવૃત્તિઓને પહોંચની જરૂર છે." એક માતા

"માહિતીનો અભાવ છે. શું ઉપલબ્ધ છે તે હું નથી જાણતો." એક પિતા

બાળકો અને માતા-પિતા દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આ સમસ્યાઓની સેવા પૂરી પાડનારાઓ સાથે ચર્ચા કરવામાં આવી. આ મીટિંગોનો ઉદ્દેશ્ય સંવાદ અને ચર્ચા ની સગવડ કરી આપવાનો હતો જેથી સેવાઓમાં સુધાર કરી શકાય અને લાંબા ગાળાના આયોજનની જાણ કરી શકાય. પાના નં 17 પરની યાદી બ્રેડફૉર્ડમાં હાલ ઉપલબ્ધ એવી સંસ્થાઓની યાદી છે, જે આ સંશોધનમાં પ્રકાશમાં આવેલી કેટલીક જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરી શકે અથવા ફુરસદનો સમય ગાળવાની તક આપી શકે.



# ભલામણો

આ પ્રોજેક્ટમાંથી અમે સેવાઓની સોંપણી કરનારાઓ અને સેવા પૂરી પાડનારાઓને અનેક ભલામણો કરીએ છીએ.

## સામેલગિરી અને સહભાગિતા

- બાળકોની સામેલગિરી અક્ષમતા ધરાવતા લોકોના નામ પૂરતા પ્રતિનિધિત્વથી સામે ચાલીને પ્રતિનિધિત્વ કરવા તૈયાર થનાર લોકોથી વધવી જોઇએ. આનાથી વિવિધ જાતિમૂળવંશીય સમુદાયોમાંથી શીખવામાં અક્ષમતા ધરાવતા લોકોના અભિપ્રાયોને પ્રતિનિધિત્વ મળશે.

- સમકક્ષોના સહાય જૂથો શીખવાની અક્ષમતા ધરાવતા દક્ષિણ એશિયાઇ સમુદાયના બાળકોને મૈત્રીઓ બાંધવા અને સહાય નેટવર્ક ઉભા કરવાની તક આપશે. આ બાળકોને ફુરસદના સમયની સેવાઓને આકાર આપવામાં એક અવાજ આપશે.

- દક્ષિણ એશિયાઇ સમુદાયોના વધુ સહાયની જરુરિયાતવાળા બાળકોને મુખ્યધારાના સેવા પૂરી પાડનારાઓ દ્વારા પૂરી પડાતી સેવાઓમાં સામેલ થવાની તકની જરુર છે. આ બાળકોને વધારાની સહાયની જરુર છે. માટે સેવાઓએ સંસાધનોના વધુ સારા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. બાળકો માટે મુખ્યધારાની પ્રવૃત્તિઓ પર પહોંચ હોવી પણ મહત્વની છે કારણ કે જો તેઓ માત્ર તીવ્ર અને જટિલ અક્ષમતાવાળા જૂથોમાં જ સામેલ થશે, તો તેનાથી તેમના સામાજિક સમાવેશમાં અવરોધ જ થશે.

## સ્થાનિક સમુદાયોમાં હળવું-ભળવું

- સ્થાનિક સમુદાયોમાં વધુ સહભાગિતાને સગવડ કરી અપાવી જોઇએ જેથી સ્થિર નેટવર્ક ઉભા થઇ શકે અને સામાજિક સમાવેશને પ્રોત્સાહન મળી શકે. સંસાધનોનો ઉપયોગ વધુ સમુદાય આધારિત પ્રવૃત્તિઓના નિર્માણમાં થવો જોઇએ. આનાથી પરિવહનની સમસ્યા ઘટી જશે અને પહોંચ વધશે.

- દક્ષિણ એશિયાઇ સમુદાય સાથે કડીઓ જોડવા માટે તેના બાળકો અને સંભાળ રાખનારાઓ સાથે હળવું-ભળવું ખૂબ મહત્વનું છે. જેમના વિશે એવી માન્યતા છે કે 'તેમને પહોંચવું ખૂબ અઘરું છે', તેવા જૂથોને પહોંચવુ આ સ્થાનિક સમુદાય સાથે સક્રિય રીતે હળવા-ભળવાથી અને સામેલ થવાથી જ શક્ય બનશે. આનાથી અવરોધો દૂર થશે અને વિવિધ લઘુમતિ જૂથો વિશે જે ખોટી માન્યતાઓ પ્રવર્તે છે તે દૂર થવામાં પણ મદદ મળશે.

- ઘરોની મુલાકાત લેવી અને જરૂર પડે ત્યાં દુભાષિયાઓનો ઉપયોગ કરવાથી વ્યાવસાયિકો અને કુટુંબો વચ્ચે વધુ મજબૂત સંબંધો બંધાઇ શકશે. માતા-પિતા અને અન્ય પારિવારિક સંભાળ રાખનારાઓને સેવા પૂરી પાડનારાઓને રુબરુ મળવાની તક મળવી જોઇએ જેથી તેઓ સીધા તેમની સાથે જોડાઇ શકે અને તેમને પોતાની ચિંતાઓ અને અભિપ્રાયો વિશે કહી શકે. આનાથી સેવામાં વિશ્વાસ વધશે અને તેમને આશ્વાસન મળશે કે તેમના બાળકને પૂરતી સહાય કરવામાં આવશે અને તેના પર નજર રાખવામાં આવશે.

- સેવાઓ પૂરી પાડવાનું સોંપનારાઓ, સેવા પૂરી પાડનારાઓ અને સહાય કાર્યકરોને સાંસ્કૃતિક વૈવિધ્ય અને સાંસ્કૃતિક રીતે કાર્યક્ષમ હોવાની જરુરિયાત વિશે તાલીમ પૂરી પડાવી જોઇએ જેથી તેઓ સાઉથ એશિયાઇ બાળકો અને તેમના પારિવારિક સંભાળ રાખનારાઓની ધાર્મિક અને સાંસ્કૃતિક જરુરિયાતોને વધુ સારી રીતે સમજી શકે. સ્ટાફની તાલીમનો ઉદ્દેશ્ય એક જ જાતિમૂળવંશીય અને સાંસ્કૃતિક જૂથોમાં લોકો કેવી રીતે એકબીજાથી જુદા પડી શકે એ સમજવામાં મદદ કરવાનો હોવો જોઇએ. સાંસ્કૃતિક માન્યતાઓ અને દંતકથાઓ વિશે જાણ અને સમજણ તેમની નકારાત્મક વલણ અને વર્તણૂંક ઊભા કરવામાં ભૂમિકા વિશે બધાને જાણ કરાવી જોઇએ.

- બાળકો અને તેમના પરિવારોને પરિવહન માટે મદદ અને સહાયની જરૂર હોય છે.

## ચર્ચા

- ફુરસદના સમયની પ્રવૃત્તિઓના આયોજન દરમ્યાન અને તેમને આકાર આપતી વખતે સેવાઓએ નિયમિતપણે દક્ષિણ એશિયાઇ સમુદાયોના બાળકો અને પરિવારો સાથે ચર્ચાઓ કરવી જોઇએ. સેવાઓએ દક્ષિણ એશિયાઇ સમુદાયો સાથે લવચીક અને રચનાત્મક સંવાદ નેટવર્કની સ્થાપના કરી બાળકો અને પરિવારો સાથે હળવા-ભળવાની તેમની પ્રતિબદ્ધતા અને ઇચ્છાનો પરિચય કરાવવો જોઇએ.

- સમુદાયને જોડતી કડીઓને મજબૂત બનાવવા અને તેમને માટે અનુકૂળતા કરવા માટે, દક્ષિણ એશિયાઇ સમુદાયો સાથે ભરોસો ઊભો કરવા માટે, જેનાથી વધુ મજબૂત સંબંધો ઊભા કરવા અને હકારાત્મક ભાગીદારીને વિકસાવવા માટે સેવાઓએ રોકાણ કરવું જરુરી છે.

- માતા-પિતાએ દક્ષિણ એશિયાઇ પરિવાર સહાય જૂથ/નેટવર્કની સ્થાપના કરવાનું સૂચન કર્યું છે. આ તેમને પરિવારો અને બાળકો વચ્ચે વધુ વિસ્તૃત સંપર્કોને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ ફુરસદના સમયની સેવાઓ વિશે એકબીજાની સાથે માહિતીની આપ-લે કરવા માટેની ફોરમ પણ બની રહેશે.



## સમાવેશ કરતી સેવાઓ

- મુખ્ય ધારાની ફુરસદના સમયની પ્રવૃત્તિઓની સેવાઓ બાળકો માટે વધુ સમાવેશકર્તા હોવી જોઇએ. આમાં કર્મચારીઓને અક્ષમતા તાલીમ પૂરી પાડવાનો અને તેમનામાં જાગૃતિ વધારવાનો સમાવેશ થઇ શકે. તીવ્ર અક્ષમતાથી પીડાતા બાળકો માટે ફુરસદના સમયની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું સંભવ બનાવવા માટેની પદ્ધતિઓની તાલીમ જરૂરી છે.

## માહિતી અને સંવાદ

- બાળકોને સમજી શકાય એવી ભાષામાં અને ચિત્રોવાળા સ્વરુપમાં સેવાઓ વિશેની માહિતી અપાવી જોઇએ જેથી તેઓ જાણપૂર્વક પસંદગી કરી શકે. માહિતી વીડિયો, ડીવીડી અને પહોંચી શકાય એવી વેબસાઇટસના માધ્યમથી પણ પૂરી પાડી શકાય.

- માહિતી માત્ર પત્રિકાઓમાં જ પૂરી પાડવામાં ન આવવી જોઇએ કારણ કે બ્રેડફૉર્ડમાં બોલાતી કેટલીક એશિયાઇ ભાષાઓને લિખિત સ્વરુપ નથી (દા.ત. મિરપુરી (પંજાબી) અને સ્યાલહટી (બંગાળી)). એશિયાઇ રેડિયો સ્ટેશનો પર માહિતી પૂરી પાડવી અને સ્થાનિક ધાર્મિક સ્થાનો જેમ કે મંદિર, મસ્જિદ અને ગુરુદ્વારા અને ચર્ચને આપવાથી પણ તે વધુ લોકોને પહોંચી શકે.

- દક્ષિણ એશિયાઇ સમુદાયોના પરિવારોને સેવા એજન્સીઓ સાથે યોગ્ય રીતે સંવાદ કરવામાં મદદ કરવા માટે વ્યાવસાયિક દુભાષિયાઓનો ઉપયોગ કરવો બહુસાંસ્કૃતિક સમાજમાં સામાન્ય ધોરણ હોવું જોઇએ.


INGHAM SPORTS CENTRE

# બ્રેડફૉર્ડમાં ફુરસદના સમયની પ્રવૃત્તિઓ પૂરી પાડનારાઓ અને અન્ય અક્ષમતા સેવાઓ અને સંસ્થાઓ

### બ્રેડફૉર્ડ ડિસેબિલિટિ સ્પોર્ટ એન્ડ લીઝર

ટેલિ: 01274437709 (રોબ કૂપર સાથે વાત કરો)
તેઓ વિવિધ પ્રવૃત્તિઓ કરાવે છે:

- મન્ડે લીઝર ક્લબ
  સોમવારે રિચર્ડ ડન સ્પોર્ટ્સ સેન્ટર
  ઉંમર: 16 +
- વેડનસડે લીઝર ક્લબ
  બુધવારે કેઇલી લીઝર સેન્ટર, કેઇલી
  ઉંમર: 15+
- ઑલ સ્ટાર્સ ક્લબ
  સોમવાર અને ગુરુવારેએ વ્હિનફીલ્ડ ક્મ્યુનિટિ સેન્ટરમાં
- ટેન-પિન બૉલિંગ
  મંગળવારે (આંતરે અઠવાડિયે) કેઇલી એ એમ એફમાં
- ગોલ્ફ
  મંગળવારે (આંતરે અઠવાડિયે) શેય ગ્રાંજ ગોલ્ફ સેન્ટરમાં
- તરવું
  શુક્રવારે શિપલી સ્વિમિંગ પુલમાં
- ટેન-પિન બૉલિંગ લીગ
  શનિવારે (આંતરે અઠવાડિયે) કેઇલી એ એમ એફમાં
- પાવર લિફ્ટિંગ
  રવિવારે આર્મેલી, લીડઝ
- બ્રેડફૉર્ડ ડિસેબિલિટિ ફૂટબોલ ક્લબ
  રવિવારે નેબવુડ સ્પોર્ટ્સ સેન્ટરમાં
  (રવિવારે રમતો પણ)
- અક્ષમ લોકો માટે શારીરિક પ્રવૃત્તિ
  મંગળવારે અને ગુરુવારે રિચર્ડ ડન સ્પોર્ટ્સ સેન્ટરમાં

### ધ ઇન્ક્લુઝન પ્રોજેક્ટ

પ્રોજેક્ટ શાળાની રજાઓ દરમ્યાન (સોશ્યલ સર્વિસિઝ અને બ્રેડફૉર્ડ ડિસેબિલિટિ સ્પોર્ટ એન્ડ લીઝર સાથે મળીને) ખાસ જરુરિયાતો અને જટિલ આરોગ્ય સંબંધી જરુરિયાતોવાળા બાળકો માટે યોજનાઓ ચલાવે છે.
ઉંમર: 8-19
ટેલિ: 01274734018

### બ્રેડફૉર્ડ યુથ સર્વિસ

સર્વિસ આખા બ્રેડફૉર્ડના સમુદાયોમાં યુવાનોના જૂથ ચલાવે છે.
ઉંમર: 13-19
ટેલિ: 01274432431

### બ્રેડફૉર્ડ યુથ સેન્ટર

સેન્ટર વિવિધ આરોગ્ય અને સમાનતા જૂથો ચલાવે છે:

- ધ ઇક્વૉલિટિ પ્રોજેક્ટ (અક્ષમતા)
  ટેલિ: 01274481183
- સાઉથ એશિયન ગર્લ્સ એન્ડ યંગ વિમેન
  ટેલિ: 01274431715
- વેડનસડે લીઝર ક્લબ
  ટેલિ: 01274431715
- યંગ પીપલ ટૂ
  ટેલિ: 01274420464
- બ્રેડફૉર્ડ-કેઇલી યૂથ પાર્લામેન્ટ
  ટેલિ: 01274431849 (નરિન્દર અથવા જેની સાથે વાત કરો)

### પ્લે પાર્ટનર્સ

શરુઆતના વર્ષો માટેની અને ચાઇલ્ડકેર સેવા જે અક્ષમ બાળકો અને યુવાનોને રમત અને ફુરસદના સમયની પ્રવૃત્તિઓને પહોંચવામાં મદદ કરે છે.
ટેલિ: 01274431571

## VI સપોર્ટ ગ્રુપ
દૃષ્ટીની તકલીફથી પીડાતા બાળકોની એશિયાઇ માતાઓ અથવા સંભાળ રાખનારાઓ માટે સહાય જૂથ.
ટેલિ: 07717002369

## પેરન્ટ પાર્ટનરશિપ
આ સેવા જે બાળકોને ખાસ શિક્ષણ જરૂરિયાતો હોય અથવા હોઇ શકે તેમના માતા-પિતા અને સંભાળ રાખનારાઓને નિષ્પક્ષ સલાહ, માહિતી અને સહાય પૂરાં પાડે છે.
ટેલિ: 0127481183

## ફેમિલિ સ્વિમ સેશન્સ
બુધવારે સાંજે 7.30 થી 8.30 અક્ષમ બાળકો માટે બૉલિંગ પુલની સેશન્સ

## ડાઉન સિન્ડ્રોમ સપોર્ટ ગ્રુપ
ડાઉન્સ સિન્ડ્રોમ ધરાવતા હોય તેવા બાળકોના માતા-પિતા અને સંભાળ રાખનારાઓ માટે અને દ્વારા ચલાવાતી સખાવતી સંસ્થા.
ટેલિ: 01274496573
ઇમેઇલ: office@downsyndromebradford.co.uk
વેબ: www.downsupportbradford.ik.com

## ક્રેંક ઇટ અપ - બધાના માટે સાઇકલ ચલાવવાની તક
એક નવીન સ્વૈચ્છિક પ્રોજેક્ટ જે બધાને સાઇકલ ચલાવાનો સમય આપે છે.
વેબ: www.crank-it-up.org.uk

## ડિસેબિલિટિ ઇક્વિપમેન્ટ બ્રેડફૉર્ડ
અક્ષમતા સંબંધી સાધનો માટે એક વિશેષજ્ઞ નિદર્શન કેન્દ્ર, જે તમને સલાહ અને જાતે સાધનનો ઉપયોગ કરી જોવાની તક આપે છે.
ટેલિ: 01274589162
વેબ: www.disabilityadvice.org.uk

## સિબ્ઝ
સિબ્ઝ અક્ષમ વ્યક્તિઓ અથવા લાંબા ગાળાની માંદગીથી પીડાતા લોકોના ભાઇઓ અને બહેનો માટે યૂકેની સખાવતી સંસ્થા છે.
ટેલિ: 01535645453
વેબ: www.sibs.org.uk

## સિગ્નેટ ગ્રુપ
ઑટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસોર્ડર હોવાનું જેમનું નિદાન થયું હોય તેવા 7-1 વર્ષના લોકોના માતા-પિતા અને સંભાળ લેનારાઓ માટે તાલીમ કાર્યક્રમ.
ટેલિ: 01274481183

## કોન્ટેક્ટ અ ફેમિલિ
બધા અક્ષમ બાળકોના માતા-પિતાને માહિતી, સલાહ અને સહાય પૂરી પાડે છે
ટેલિ: 01274668922

## બ્રેડફૉર્ડ ટોય લાયબ્રેરી
અક્ષમ બાળકોના પરિવારોને રમકડાં અને રમતો આપે છે
ટેલિ: 1274365463

## LS29 ગ્રુપ
LS29 માં રહેતા ખાસ જરૂરિયાતો ધરાવતા નાના બાળકો અને યુવાનોના પરિવાર માટે સહાય જૂથ.
ઇમેઇલ: LS29groups@yahoo.co.uk
અથવા ફોન કરો:
- 01943609861 પર કારેનને (પ્રિસ્કૂલ અને પ્રાયમરીની ઉમરના બાળકો)
- 01943602479 પર જુલીને (કિશોરો)
- 01943607253 પર માર્ગારિટને

## અવેર
જે પરિવારોને કોઇ ઑટિસ્ટિક સ્પેક્ટ્રમ ડિસોર્ડર (ASD) ધરાવતું બાળક અથવા બાળકો હોય તેમના માટે માતા-પિતા સહાય જૂથ.
ટેલિ: 07764432933

## બારનાર્ડોસ સીન એન્ડ હર્ડ ગ્રુપ
આ જૂથ 1 વર્ષથી ઓછી ઉમરના અક્ષમતા અથવા જટિલ આરોગ્ય સંબંધી જરૂરિયાતો ધરાવતા બાળકો અને યુવાનોને તેમના માટે મહત્ત્વના હોય તેવા મુદ્દાઓ વિશે તેમના અભિપ્રાયો પ્રગટ કરવા માટે એક ફોરમ પૂરી પાડે છે.
ટેલિ: 01274531466

**મેનકેપ**
12 ગોલ્ડન લેન
લંડન EC1Y ORT
ટેલિફોન: 020 7454 0454
ફેક્સ: 020 7608 3254
ઇ-મેઇલ:help@mencap.org.uk
**www.mencap.org.uk**
શીખવામાં અક્ષમતા માટેની હેલ્પલાઇન
**0808 808 111**

**Mencap**
12 Golden Lane
London EC1Y ORT
Telephone: 020 7454 0454
Fax: 020 7608 3254
Email: help@mencap.org.uk
**www.mencap.org.uk**
Learning Disability Helpline
**0808 808 111**

નોંધાયેલી સખાવતી સંસ્થા ક્રમાંક 222 77   2007.116–01.09